**Publication:** Lokarpan
**Date:** 02/08/2016
**Edition:** Ahmedabad
**Page No:** 3
**Headline:** Ahmedabad to host TCS IT Wiz Quiz 2016

# અમદાવાદ ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૬ ને હોસ્ટ કરશે

(પ્રતિનિધિ) અમદાવાદ,

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ), એક અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન પૂરી પાડતી કંપની જાહેર કરે છે કે, તેઓ ટીસીએસ આઈટી વીઝ- ૨૦૧૬ દેશની સૌથી મોટી ટેકનોલોજી ક્વિઝ ફોર સ્કુલની સ્પર્ધાની અમદાવાદ આવૃતિ, અમદાવાદ ખાતે ૯મી ઓગસ્ટ, મંગળવાના રોજ પાલડી રબિન્દ્રનાથ ટાગોર હોલ ખાતે યોજશે. આમાં કોઈ એન્ટ્રી ફી નથી. ધોરણ ૮ થી ૧૨ માં ભણતાં વિદ્યાર્થીઓ આ ઈવેન્ટમાં ભાગ લેવા સક્ષમ છે. દરેક સંસ્થામાંથી એક કરતાં વધુ ટીમ મોકલી શકાશે. જેમાં દરેક ટીમમાં બે સભ્ય હોવા જરૂરી છે. ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૬ સમગ્ર દેશના ૧૫ સ્થળો - અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નઈ, કોઈમ્બતુર, દિલ્હી, હૈદ્રાબાદ, ઈન્દોર, કોચી, કોલકત્તા, લખનૌ, મુંબઈ, નાગપુર, પુના અને વિશાખાપટ્ટનમ્ ખાતે યોજવામાં આવશે. એન્ટ્રી માનનિય સંસ્થા દ્વારા ૬ઠ્ઠી ઓગસ્ટ પહેલાં શેફાલી, ટીસીએસ આઈટી વિઝ કો-ઓર્ડિનેટર, ટાટા કન્સલટન્સી સર્વિસીસ, ઈન્ફો ટાવર-૧, ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ, ગાંધીનગર- ૩૮૨ ૦૦૯, ગુજરાત, ભારત ખાતે મોકલવાની રહેશે. વધુ માહિતી માટે ૦૭૯- ૬૬૭૧ ૨૬૭૭ પર કોન્ટેક્ટ કરી શકો છો. ઉપરાંત ઓનલાઈન : www.tcsitwiz.com પર રજીસ્ટ્રેશન કરાવી શકો છો. ક્વિઝ ફોરમેટ : લેખિત પરીક્ષામાં આગળ આવેલી ટોચની ૬ ટીમને રિજયોનલ ફાઈનલ્સ માટે ક્વોલિફાઈ કરવામાં આવશે. ફાઈનલ માટે એક જ શાળામાંથી એક કરતાં વધુ આવેલી ટીમમાંથી જેના સ્કોર સૌથી વધુ હશે તે જ ટીમને સ્ટેજ પર બોલાવામાં આવશે. રિજયોનલ ફાઈનલની વિજેતા ટીમ ડિસેમ્બરમાં મુંબઈ ખાતે યોજાનાર મેગા ફાઈનલ્સમાં ભાગ લેશે. વિજેતા ટીમને મુંબઈ લઈ જવામાં આવશે. ઈનામ : રિજયોનલ ચેમ્પિયનને આ વર્ષે આઈપેડ એર મળશે, જ્યારે દરેક રનર અપને આઈપેડ મિનીની સાથે ખાસ ડિઝાઈન કરેલી ટ્રોફી અને મેડલ આપવામાં આવશે. સાથોસાથ ૬ ફાઈનાલિસ્ટ્સને ટીસીએસ તરફથી સ્પેસ પેક, સેલ્ફી સ્ટીક, ઈયરફોન, બ્યુટુથ સ્પીકર્સ અને પેન ડ્રાઈવ્સ જેવા ઈનામો પણ મળશે. રિજયોનલ ચેમ્પિયન્સને સાથોસાથ રાષ્ટ્રિય ફાઈનલ્સ માટે મુંબઈ પણ લઈ જવામાં આવશે. ટ્વીપોર્ટિંગ : રિજયોનલ ફાઈનલ્સમાં દરેક સ્પર્ધકો માટે ટ્વિટર કોન્ટેસ્ટ પણ હશે. ટોચની બે હાઈએસ્ટ ટ્વિટ્સ અને "બેસ્ટ ટ્વિટ ઓફ ધ ડે" બ્લુટુથ સ્પીકર અને ઈયરફોન મેળવશે. ઈનોડ કોન્ટેસ્ટ : નેટવર્કિંગમાં, નેટવર્કમાં આવેલું કોઈપણ પોઈન્ટ "નોડ" તરીકે ઓળખાય છે. આ જ બાબતને ધ્યાને રાખીને "૬ ડિગ્રી ઓફ સેપરેશન" માં કોન્ટેસ્ટમાં સમગ્ર વિશ્વની ટેકનોલોજીના નેટવર્કિંગ, ટ્રાવિયાની સાથે લોકોને જોડવા, કંપનીઓ અને ટર્મ્સની વિચારસરણીની એપ્લિકેશનની સાથે ક્રિપ્ટિક ક્લુસની મદદ થશે. સ્પર્ધકોએ આપવામાં આવેલી બે એન્ટીટી વચ્ચેના સંબંધને ઓળખવાનો રહેશે અને @TCSITWiz પર ટ્વીટ કરવાની રહેશે કે પછી એફબી પેજ @TCSITWizQuiz પર #Node #TCSITWiz નો ઉપયોગ કરીને પોસ્ટ કરવાની રહેશે. વિજેતાઓ બ્લુટુથ સ્પીકર અને ઈયરફોંન્સ મેળવશે. અન્ય સ્થળોએ રહેતાં વિદ્યાર્થીઓ માટે રિજયોનલ ફાઈનલનું લાઈવ વેબકાસ્ટ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રિજયોનલ ફાઈનલ્સનું વેબ સ્ટ્રીમિંગ www.tcsitwiz.com પર જોઈ શકાશે.

**ક્વિઝમાં મુખ્યત્વે નીચેના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે :**

(૧) ઈન્ફોર્મેશન ટેકનોલોજીના અરજદારો, અલગ- અલગ ક્ષેત્રના હોય અને તેમાં ટેકનોલોજી, પર્યાવરણ, બિઝનેસ, લોકો, નવા ટ્રેન્ડ્સ અને લિજેન્ડ્સના વિવિધ પાસાંનો સમાવેશ થાય છે.

(૨) ક્લાઉડ કમ્પ્યુટિંગ, ટેલિકોમ, બાયોમેટ્રિક્સ, રોબોટિક્સ, વર્લ્ડ ઓફ ઈન્ટરનેટ, યુનિક વેબસાઈટ્સ, આઈટી બઝ વર્લ્ડ અને એક્રોનિમ્સ જેવા વિકસતા જતાં વિસ્તારો.

(૩) એવા વિસ્તારો જેમાં આઈટીએ પોતાની અસર ઉભી કરી છે જેવા કે, શિક્ષણ, મનોરંજન, પુસ્તકો, મલ્ટીમીડિયા, સંગીત, ફિલ્મ, ઈન્ટરનેટ, બેન્કિંગ, જાહેરાત, રમત-ગમત, ગેમિંગ, સોશિયલ મીડિયા અને મોબાઈલનું વિશ્વ.

(૪) આઈટી પર્સનાલિટીસ જેમાં વૈશ્વિક, રાષ્ટ્રિય અને સ્થાનિક, આઈટી અને કમ્યુનિકેશન કંપનીઓની બ્રાન્ડ, સોફ્ટવેર પ્રોડક્ટ્સ અને બ્રાન્ડ, આઈટીનો ઈતિહાસ સાથોસાથ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું રમુજી પાસું.

(૫) ટીસીએસ પર એક એક્સક્લુઝિવ રાઉન્ડ.